RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 89, Dt.24-06-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સૌરાષ્ટ્ર અને દ.ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી



## સમગ્ર રાજ્યમાં રેડ અને ઓરેન્જ એલર્ટઃ માછીમારોને દરિયો ન ખેડવા સુચનાઃ ૯૫ તાલુકામાં મેઘરાજાની એન્ટ્રીઃ ખેડૂતો માટે આનંદના સમાચાર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આ વર્ષે ચોમાસુ ગુજરાતમાં પ્રવેશ્યા બાદ નવસારીમાં અટવાઈ ગયું હતું જે હવે સૌરાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યું છે. જેને કારણે સૌરાષ્ટ્રના ખેડૂતો માટે સારા સમાચાર સામે આવ્યા છે. હવે દક્ષિણ ગુજરાતની સાથે સૌરાષ્ટ્રમાં પણ ચોમાસાએ એન્ટ્રી લીધી છે. આજે વહેલી સવારથી જ રાજ્યના અનેક જિલ્લામાં મેઘરાજા હેત વરસાવી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં રેડ એલર્ટ આપ્યું છે. આજે સવારે ૬ વાગ્યાથી ૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૯૫ તાલુકામાં મેઘરાજાની એન્ટ્રી થઈ છે. તો બીજી તરફ જામનગરના કાલાવડમાં પૂલ તૂટ્યો હતો. જેથી એક સ્કૂલ બસ અટવાઈ હતી. જેને પગલે બાળકો ફસાઈ ગયા હતા. જેથી ગ્રામજનોએ બાળકોનું રેસ્ક્યૂ કર્યુ હતું. જ્યારે ઉપરવાસમાં ભારે વરસાદને પગલે કવાંટની કરા અને અશ્વિન નદી બે કાંઠે વહેતી થઈ હતી. તેમજ સંખેડાની એના નદીમાં પૂર આવ્યું હતું. જેથી ડાયવર્ઝન ધોવાઈ જતા રસ્તો બંધ થયો હતો. બરવાળાના ચોકડી ગામે વીજળી પડતાં યુવાનનું મોત થયું હતું.

કલોલ શહેર અને તાલુકામાં આજે અઠવાડિયાના વિરામ બાદ ફરી વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા ૪ દિવસથી લોકો રાત્રે ગરમીને કારણે બફારાનો અનુભવ કરતાં હતા. જોકે, રાત્રે વરસાદી ઝાપટું પડ્યા બાદ આજે સવારે પણ વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ફરી વરસાદ શરૂ થતાં ખેડૂતો ખુશહાલ જોવા મળ્યા હતા. સારા વરસાદને પગલે ખેડૂતો ચોમાસુ પાકની વાવણી સમયસર કરી શકશે.

આ વર્ષે ચોમાસુ ગુજરાતમાં પ્રવેશ્યા બાદ નવસારીમાં અટવાઈ ગયું હતું જે હવે સૌરાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યું છે. જેને કારણે સૌરાષ્ટ્રના ખેડૂતો માટે સારા સમાચાર સામે આવ્યા છે. હવે દક્ષિણ ગુજરાતની સાથે સૌરાષ્ટ્રમાં પણ ચોમાસાએ એન્ટ્રી લીધી છે. હવામાન વિભાગ દ્વારા હાલમાં દક્ષિણ ગુજરાત તરફ સાઇક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું હોવાથી રાજ્યના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ તો ક્યાંક ભારેથી અતિભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસને લઇને વરસાદ બાબતે આગાહી કરવામાં આવી છે.

# કટોકટી લોકશાહી માટે કલંકઃ નરેન્દ્ર મોદી

## લોકસભાના પ્રથમ સત્રનો હોબાળા સાથે પ્રારંભઃ નવનિયુકત સભ્યોની શપથવિધિ યોજાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં સામાન્ય ચુંટણી બાદ ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર આજે હોબાળા વચ્ચે શરૂ થયુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કોંગ્રેસના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ ગર્ભીત વિધાનો કર્યા હતા. આજથી નવા ચુંટાયેલા સાંસદોને શપથ લેવડાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ૧૮મી લોકસભામાં સૌપ્રથમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રોટેમ સ્પીકર ભર્તુહરિ મહતાબે શપથ લેવડાવ્યા હતા.



શપથવિધિ પુર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટોકટીકાળનો ઉલ્લેખ કર્યો હતો અને કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે આવતીકાલે ૨૫ જૂન છે અને તે દિવસે દેશમાં તત્કાલીન વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ કટોકટી લાદી હતી. સમગ્ર દેશને કેદખાનુ બનાવી દેવામાં આવ્યું હતું. કાલે કટોકટી કાળને ૫૦ વર્ષ પુરા થશે. લોકતંત્ર માટે ૨૫ જૂનનો દિવસ ભુલી જવાનો છે અને કટોકટી એ લોકશાહી માટે કલમ પ્રુફ હતી.

નવી પેઢી એ વાતને કયારેય નહી ભુલે કે ભારતના બંધારણને સંપૂર્ણ રીતે નકારી દેવામાં આવ્યું હતું અને લોકશાહીનું ગળુ ઘોંટી દેવામાં આવ્યું હતું. ભારતમાં હવે કોઈ ૫૦ વર્ષ અગાઉ જેવી કટોકટી લાદવાની કોઈ હિંમત નહી કરે. આપણે જીવંત લોકશાહીનું સંકલ્પ લેશુ અને બંધારણની દિશા મુજબ આગળ વધીને સ્વપન પુર્ણ કરવાનો સંકલ્પ લેશું.''

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજનો દિવસ ગૌરવમય છે. આઝાદી પછી પ્રથમવાર નવી સંસદમાં શપથ સમારોહ યોજાઈ રહ્યો છે. અત્યાર સુધી અંગ્રેજોએ બાંધેલા સંસદભવનમાં જ આ પ્રક્રિયા થઈ હતી. નવનિયુક્ત સાંસદોનું સ્વાગત છે.

૨૦૪૭માં વિકસીત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે નવા ઉમંગ, નવા ઉત્સાહ સાથે નવી ગતિ અને નવી ઉંચાઈ મેળવવાનો આ અવસર છે. પ્રજાએ ત્રીજા કાર્યકાળ માટે એનડીએ સરકાર પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. સરકારની નીતિઓને સ્વીકારી છે. છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન દેશને આગળ વધારવા સતત પ્રયત્નો કર્યા છે. નવી સરકાર પણ ૧૪૦ કરોડ દેશવાસીઓની આશાઓ પરિપૂર્ણ કરવા કટીબદ્ધ રહેશે. ત્રીજા કાર્યકાળમાં એનડીએ સરકાર ત્રણ ગણી વધુ મહેનત કરશે.

તેઓએ જણાવ્યું હતું કે, તમામ સાંસદો પાસે દેશને ઘણી અપેક્ષા છે. હું પણ તમામ સાંસદોને આગ્રહ કરુ છું કે જનહીત અને લોકસેવા માટે આ વખતનો ઉપયોગ કરે એટલું જ નહી દેશની જનતા વિપક્ષ પાસે પણ સારા પગલાઓની અપેક્ષા રાખે છે. અત્યાર સુધી નિરાશા જ મળી છે. ૧૮મી લોકસભામાં વિપક્ષ દેશના સામાન્ય નાગરિકો માટે સારી ભૂમિકા ભજવે અને લોકતંત્રની ગરીમા જાળવી રાખે તેવી અપેક્ષા રાખે છે. વિપક્ષ યોગ્ય સહયોગ આપશે તેવી અપેક્ષા છે.

# નીટ પેપરલીક કેસનો રેલો ગુજરાત સુધી પહોંચ્યોઃ CBIની ટીમના ગોધરામાં ધામા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નીટ અને યુજીસી નેટ સહિતની પરીક્ષાઓમાં થયેલી ગરબડની તપાસ સીબીઆઈને સોંપી દેવાઈ છે. આ દરમિયાન સીબીઆઈ અધિકારીઓની એક ટીમ આ દિશામાં તપાસ કરવા બિહારના નવાદા પહોંચી હતી. ત્યારે એક ગોધરા પહોંચી છે. અત્રે ઉલ્લેખનીય છે કે NEET UG - ૨૦૨૪ની ગત તારીખ ૫ મે, ૨૦૨૪ના રોજ લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિઓ અંગે ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન ભારત સરકાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવેલી છે. આ અંગેની તપાસ સી.બી.આઇ. દ્વારા કરવામાં આવી રહી છે.

આ પરીક્ષામાં થયેલી ગેરરીતિ અંગેની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકમાં તારીખ ૮ મે, ૨૦૨૪ના રોજ નોંધવામાં આવી છે. આ સમગ્ર બાબતમાં વિસ્તૃત તપાસ થઈ શકે તેવા હેતુથી ગોધરા તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી FIRની તપાસ પણ રાજ્ય સરકારે સી.બી.આઇ.ને સોંપવાનો નિર્ણય કર્યો છે. આ તપાસ દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૧૯૪૬ની કલમ-૬ અન્વયે સી.બી.આઇ.ને સોંપવામાં આવી છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગે આ સંદર્ભમાં નોટિફિકેશન પણ જારી કર્યું છે.

# ઈઝરાયેલ અને હમાસના યુદ્ધમાં આતંકી સંગઠન હિઝબુલ્લાહે પણ ઝંપલાવ્યું

**મુખ્ય સમાચાર, બૈરૂત**

ઇઝરાયેલ અને હમાસના યુદ્ધમાં આતંકી સંગઠન હિઝબુલ્લાહે પણ ઝંપલાવ્યું છે. આ સ્થિતિ વચ્ચે હવે ઇરાન સમર્થિત સંગઠનના હજારો લડાકુઓ હિઝબુલ્લાહને સમર્થન આપવા જઇ રહ્યા છે. જેને પગલે ઇઝરાયેલ અને લેબનનમાં સક્રિય હિઝબુલ્લાહ વચ્ચે ભારે ઘર્ષણ થવાની શક્યતાઓ છે.



ઇઝરાયેલ ગમે ત્યારે લેબનન પર હુમલો કરી શકે છે. જોકે હુમલો થાય તો આકરા પરિણામોની ઇરાને પણ ચેતવણી આપી છે. દરમિયાન તાલિબાન પણ ઝંપલાવી શકે છે.


ઇઝરાયેલે ચેતવણી આપી છે કે જો હિઝબુલ્લાહને અમારી સરહદેથી હટાવવામાં ના આવ્યું તો અમે લેબનન પર હુમલો કરીશું. જો ઇઝરાયેલ લેબનન પર હુમલા શરૂ કરી દે તો ગાઝા પટ્ટી જેવુ ઘર્ષણ જોવા મળી શકે છે. જ્યારે ઇરાને ચેતવણી આપી છે કે જો ઇઝરાયેલ લેબનન પર હુમલો કરશે તો અમે ચૂપ નહીં રહીએ. દરમિયાન તાલિબાન પણ લેબનનને સમર્થન આપવા માટે ઇરાન સાથે ચર્ચા કરી રહ્યું હોવાના અહેવાલો છે. છેલ્લા દસકામાં લેબનન, ઇરાક, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના ઇરાન સમર્થિત લડાકા સીરિયામાં ૧૩ વર્ષથી ગૃહ યુદ્ધ લડી રહ્યા છે. તેઓ હવે ઇઝરાયેલ સામે યુદ્ધમાં ઝંપલાવી શકે છે. જેને કારણે આ યુદ્ધ હાલ અટકે તેવી સ્થિતિમાં નથી.

# મોદી સરકાર પેટ્રોલ-ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાની તૈયારીમાં

## પેટ્રોલ-ડીઝલનો ભાવ ૨૦ રૂપિયા ઘટી શકેઃ હાલ પ્રતિ લીટર ૩૫ રૂપિયા કમાય છે સરકાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી દિવસોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે. સરકાર પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવા પર વિચાર કરી રહી છે. જો આમ થશે તો પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૨૦ રૂપિયા પ્રતિ લિટર સુધી સસ્તું થઈ શકે છે. એટલે કે, દિલ્હીના હિસાબે તેની કિંમત ૭૫ રૂપિયા પ્રતિ લિટર થઈ શકે છે.




ગઈકાલે એટલે કે ૨૨મી જૂને નાણામંત્રી નિર્મલા સીતારમણે જીએસટી કાઉન્સિલની બેઠક યોજી હતી. જેમાં નાણામંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવા માટે તૈયાર છે. હવે આ અંગે રાજ્યોએ નિર્ણય લેવાનો છે. રાજ્યોએ સાથે મળીને તેના દર નક્કી કરવા પડશે.

હાલમાં, જ્યારે તમે દિલ્હીમાં ૯૪.૭૨ રૂપિયાનું એક લિટર પેટ્રોલ ભરો છો, ત્યારે તેમાંથી ૩૫.૨૯ રૂપિયા ટેક્સ તરીકે કેન્દ્ર અને રાજ્ય સરકારોના ખિસ્સામાં જાય છે. એટલે કે તમને માત્ર ૫૯.૪૩ રૂપિયાનું પેટ્રોલ મળ્યું. આનાથી સામાન્ય લોકોના ખિસ્સા પર ભાર પડે છે, સાથે જ સરકારની તિજોરી છલોછલ ભરાય છે.

હાલમાં દરેક રાજ્ય પેટ્રોલ અને ડીઝલ પર તે મુજબ ટેક્સ લાદે છે. કેન્દ્ર તેની ડ્યૂટી અને સેસ પણ અલગથી વસૂલ કરે છે. પેટ્રોલ અને ડીઝલની મૂળ કિંમત હાલમાં ૫૫.૪૬ રૂપિયા છે. કેન્દ્ર સરકાર તેના પર ૧૯.૯૦ રૂપિયા એક્સાઈઝ ડ્યૂટી વસૂલ કરી રહી છે. આ પછી રાજ્ય સરકારો પોતાની રીતે વેટ અને સેસ વસૂલ કરે છે. આ કારણે, તેમની કિંમત મૂળ કિંમત કરતાં લગભગ ૨ ગણી વધી જાય છે.


જો પેટ્રોલ અને ડીઝલને જીએસટીના ૨૮% સ્લેબમાં રાખવામાં આવે તો...

મૂળ કિંમત + નૂરઃ ₹૫૫.૬૬ ૨૮% જીએસટી ટેક્સ સહિત, તે આવે છેઃ ₹૧૫.૫૮ સરેરાશ ડીલર કમિશનઃ ₹૩.૭૭ આ પ્રમાણે ગ્રાહકોને ₹૭૫.૦૧ પ્રતિ લિટર પેટ્રોલ મળશે

નોંધઃ જીએસટી પછીની કિંમતો અંદાજ તરીકે આપવામાં આવી છે.

જો સરકાર પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવે છે, તો તેમની કિંમતોમાં ૨૦ રૂપિયા પ્રતિ લિટર સુધીનો ઘટાડો જોવા મળી શકે છે. આ સિવાય સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ લગભગ સરખા થઈ જશે. ઉદાહરણ તરીકે, દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૪.૭૨ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલની કિંમત ૮૭.૬૨ રૂપિયા પ્રતિ લિટર છે.


# શહેરમાં માત્ર ૧ ઈંચ વરસાદે મનપા તંત્રની પોલ ખોલી નાંખીઃ ઠેર ઠેર પાણી ભરાયા






(તસ્વીરઃ આનંદ જાવિયા)



શહેરના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રિંગરોડ, મવડી, કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, ઈન્દિરા સર્કલ, નાના મૌવા સર્કલ, ગોંડલ રોડ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં રસ્તાઓમાં પાણી ભરાયા છે, દરમિયાન ૧૫૦ ફૂટ રિંગરોડ પર મવડી ચોકડી અને રામાપીર ચોકડી પર સામાન્ય વરસાદી ઝાપટાંમાં ગોઠણડૂબ પાણી ભરાયાં ગયા છે. દર વર્ષે અહીંયા વરસાદી પાણી ભરાવાની સમસ્યા છે, તેમ છતાં કોઈ ઉકેલ નહીં આવતા સ્થાનિકોમાં રોષની લાગણી પ્રવર્તે છે.આ સાથે માત્ર એક ઇંચ વરસાદે મનપા તંત્રની પોલ ખોલી નાખી છે અને તંત્રએ કરેલા પ્રિ-મોન્સૂનના દાવા પોકળ સાબિત થયા છે. આજે સવારે અલગ અલગ ત્રણ વિસ્તારોમાં બાળકોને તેડવા જતી સ્કૂલ બસ કાદવમાં ફસાઇ હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. જ્યારે કેટલીક જગ્યાએ હજુ પણ રસ્તા પર વરસાદી પાણી વહેતા જોવા મળી રહ્યા છે. જ્યારે આજે સતત બીજા દિવસે પણ વરસાદી માહોલ શહેરી વિસ્તારમાં જોવા મળી રહ્યો છે. આજે પણ સવારથી રાજકોટ શહેરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને વરસાદ આવે તેવી પૂરી શક્યતા સેવાય રહી છે.

## જામનગર નાઘેડી પાસે બે શંકાસ્પદ બાઈક સાથે શખ્સ પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર શહેરના ભાગોળે આવેલા નાઘેડી પાસેથી પંચકોશી-બી ડિવિઝન પોલીસે એક શખ્સને ૨ શંકાસ્પદ મોટરસાયકલ સાથે પકડી પાડી તેની પુછપરછ હાથ ધરી છે.નાઘેડી ગામ પાસે આવેલા કાચના કારખાના પાસે નારણ ગઢવી નામનો શખ્સ શંકાસ્પદ હાલતમાં ફરતો હોવાની બાતમી પોલીસને મળતા તાત્કાલિક ત્યાં દોડી જઇ જામજોધપુર રહેતા આ શખ્સની અટક કરી પુછપરછ કરતાં તેની પાસેથી લાલ કલરનું હીરોહોન્ડા સીડી ડિલક્સ તથા કાળા કલરનું હીરો હોન્ડા સીડી ડોન મોટરસાયકલ શંકાસ્પદ હાલતમાં મળી આવતા પોલીસે બન્નેનો કબજો લઇ પકડાયેલા શખસની પુછપરછ હાથ ધરી મોટરસાયકલના માલિકની તપાસ શરૂ કરી છે.





### જામનગર પંથકમાં હત્યાનો સિલસિલો યથાવત

## હાપા વિસ્તારમાં યુવાનને છરીના ઘા ઝીંકી રહેંસી નાખ્યો







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના હાપા વિસ્તારમાં રહેતા એક ચારણ યુવાન મિત્રો સાથે પાનની દુકાને ઉભો હતો ત્યારે છરી સાથે આવેલ એક શખ્સે એક જીવલેણ ઘા મારી યુવાનને પતાવી દઈ નાશી છૂટ્યો હતો. મૃતક યુવાનને આરોપીની બહેન સાથેનો પ્રેમસંબંધ હત્યાનું કારણ બન્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ઘરી છે. યુવતીના લગ્ન થઇ ગયા બાદ અને સમાધાન થયા બાદ પણ મૃતકે યુવતી સાથે સંબંધ ચાલુ રાખતા ઉશ્કેરાયેલા યુવતીના ભાઈએ યુવાનનું ઢીમ ઢાળી દીધું હોવાનું જાહેર થયું છે.જામનગરમાં એક માસમાં હત્યાનો ચોથો બનાવ બન્યો છે.

જામનગરના હાપા ખારી વિસ્તારમાં રહેતા વાલસુર ધનરાજભાઇ ઉર્ફે ધાધાભાઇ વીરના યુવાન ભાઈ વીજસુરને બાવરીવાસમાં રહેતા આરોપી સુનિલ ચેતનભાઇ ડાભી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. પ્રેમ સબંધની પરિવારને જાણ થતા યુવતીના તેની જ જ્ઞાતિના યુવાન સાથે લગ્ન કરી દેવામાં આવ્યા હતા.જો કે લગ્ન થયા બાદ પણ યુવતી અને યુવક વીજસૂરે સબંધ ચાલુ રાખ્યા હતા અને નિયમિત ફોન પર વાત કરતા હતા. આ સબંધની જાણ યુવતીના સસરાપક્ષમાં થઇ જતા પરિવારમાં ઝઘડાઓ શરૂ થયા હતા. આ બાબતને સમાજ લેવલે લઇ જઈ વીજસૂરને પોતાની જ્ઞાતિ લેવલે આરોપી સુનિલના પરીવાર સાથે સમાધાન થયા હતા.આ સમાધાન થયું હોવા છતા આરોપી સુનિલ ચેતનભાઇ ડાભીના મગજમાંથી વીજસૂર અને બહેનના સબંધો જતા ન હતા. આખરે એ પ્રેમ સબંધનો અંત લઈ આવવા આરોપી સુનીલે, વીજસુરને પતાવી દેવાના ઈરાદે ગઈકાલે ખૂની ખેલ ખેલ્યો હતો. ગઈકાલે બપોરે વીજસુર તેના મિત્રો સાથે હાપા ખારી બાવરીવાસ લાલુભાઇની દુકાન પાસે ઉભો હતો ત્યારે આરોપી સુનિલ ડાભી ત્યાં છરી લઇને ધસી ગયો હતો અને વીજસુર કઈ વિચારે તે પૂર્વે જ આરોપીએ વીજસુરને જમણા પડખાના ભાગે છરીનો એક ઘા મારી દીધો હતો.આ એક ઘાથી વીજસુરના શરીરમાંથી લોહીના ફુવારા વછૂટ્યા હતા અને ત્યાં જ ઢળી પડ્યો હતો. આ બનાવના પગલે આરોપી નાશી છૂટયો હતો.દરમિયાન ગંભીર હાલતમાં યુવાનને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.જો કે સારવાર મળે તે પૂર્વે જ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ વાલસુરે આરોપી સુનીલ સામે ભાઈની હત્યા નીપજાવવા સબંધે પંચકોશી એ ડીવીજન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે પોલીસી તાત્કાલિક નાકાબંધી કરી આરોપીને પકડી પાડયો હતો. પોલીસે આરોપી પાસેથી છરી કબજે કરવા કાર્યવાહી હાથ ધરી છે.

## ટંકારાના કલ્યાણપર ગામે અચાનક બેભાન થઈ ઢળી પડેલ વૃદ્ધનું સારવાર દરમિયાન મોત

**મુખ્ય સમાચાર, ટંકારા**

મળતી માહિતી અનુસાર ટંકારા તાલુકાના કલ્યાણપર ગામે રહેતા મોહનભાઇ રણછોડભાઇ ડોબરીયા ઉવ-૭૦ પોતાના ધરે અચાનક બેભાન થઇ જતા તેઓને રાજકોટ સીનર્જી હોસ્પીટલ ખાતે ગત તા.૧૫ જૂન ૨૦૨૪ના રોજ સારવારમા ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગત તા. ૨૧ જૂનના રોજ સારવાર દરમ્યાન હોસ્પિટલમાં ફરજ પરના ડોકટરે મોહનભાઇને મૃત જાહેર કર્યા હતા. ત્યારે રાજકોટ ગાંધીગ્રામ પોલીસ મથક ટીમ સ્થળ ઉપર આવી ઇન્કવેસ્ટ પંચનામુ કરી તમામ કાગજી પુરાવા ટંકારા પોલીસ મથકમાં મોકલતા ટંકારા પોલીસ મથકમાં અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

## મોરબીના બેલા ગામ નજીક ખરાબાની જમીનમાં છૂપાવી રાખેલ વિદેશી દારૂની ૨૦૪ બોટલ સાથે એક પકડાયો, સપ્લયારની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમે પૂર્વ બાતમીને આધારે દરોડો પાડી બેલાથી ખોખરાધામ હનુમાનજી જવાના રસ્તે આવેલ ખરાબાની જમીનમાં બાવળની કાંટમાં વેચાણ અર્થે છૂપાવી રાખેલ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૦૪ બોટલ સાથે એક આરોપીને ઝડપી લેવાયો હતો. જ્યારે વેચાણ અર્થે વિદેશી દારૂનો જથ્થો આપી ગયેલ સુરેન્દ્રનગર જીલ્લાના પીપળી ગામના આરોપીનું નામ ખુલવા પામ્યું હતું. જેથી તેને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી લોકલ ક્રાઇમ બ્રાંચ પોલીસની ટીમને બાતમી મળેલ કે બેલા ગામ નજીક ખોખરાધામ હનુમાનજી જવાના રસ્તે શાકભાજીનો ધંધાર્થી પોતાની દુકાનની બાજુમાં આવેલ ખરાબાની જમીનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે, જે મુજબની બાતમીને આધારે ઉપરોક્ત સ્થળે દરોડો પડતા બાવળની કાંટમાં છૂપાવી રાખેલ વિદેશી દારૂની અલગ અલગ બે બ્રાન્ડની કુલ ૨૦૪ બોટલ મળી આવતા આરોપી સાગર દેવજીભાઇ પંચાસરા ઉવ-૨૨ રહે.બેલા તળાવની બાજુમાં તા.જી.મોરબીની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી. પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવાના ઇરાદે આરોપી વસંત કાનજીભાઇ વાણીયા રહે.પીપળી ગામ તા.પાટડી જી.સુરેન્દ્રનગર પાસેથી મંગાવ્યો હતો. ત્યારે તેને ફરાર દર્શાવી કુલ વિદેશી દારૂની ૨૦૪ બોટલ કિ.રૂ.૬૬,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે લઈ બંને આરોપીઓ સામે મોરબી તાલુકા પોલીસ મથકમાં પ્રોહી. હેઠળ ગુનો દાખલ કરાવી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

## ચોટીલાના યુવા પત્રકાર મોહસીનખાન પઠાણની દીકરી તાન્યાનો આજે જન્મ દિવસ

**મુખ્ય સમાચાર, ચોટીલા**



ચોટીલા ટુડે ના પ્રણેતા, ચોટીલાના સામાજીક કાર્યકર તથા મુખ્ય સમાચારના ચોટીલાના પત્રકાર મોહસીનખાન દિલાવરખાન પઠાણ ની દીકરી તાન્યા નો આજે જન્મ દિવસ છે. આજ રોજ તાન્યા છ વર્ષ પૂરા કરી સાતમા વર્ષમાં પ્રવેશ કરશે. ત્યારે ચોટીલાના પઠાણ પરિવાર તથા તાન્યાના મોસાળ અમરેલી જિલ્લાના વીજપડીથી ખોખર પરિવારે જન્મ દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

## મોરબીના રવાપર ઘુનડા રોડ પરથી યુવક વિદેશી દારૂના ૧૦ નંગ ચપલા સાથે પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી સીટી એ ડિવિઝન પોલીસ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન રવાપર ઘુનડા રોડ ઉપર આવેલ રવાપર રેસીડેન્સી પાછળથી શંકાસ્પદ હાલતમાં નીકળેલ યુવકની તલાસી લેતાં વિદેશી દારૂના વોડકાની ૧૮૦મીલી ક્ષમતાની ૧૦ નંગ બોટલ મળી આવતા આરોપી દિપકભાઇ રાજુભાઇ બુધ્ધદેવ ઉવ.૨૯ રહે.મોરબી વાઘપરા શેરીનં.૩ની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પકડાયેલ આરોપી સામે ગુનો રજી. કરી આગળની તપાસ ચલાવી છે.

## જામનગર ઉકળાટ અને બફારા વચ્ચે રાત્રે ઠેર ઠેર મેઘાવી માહોલ છવાયો

### વરસાદી માહોલથી લોકોમાં ખુશીની લાગણી છવાઈ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને જીલ્લામાં પણ વરસાદી માહોલથી લોકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે . જામનગરમાં આજે બીજા દિવસે પણ વરસાદી વાતાવરણ યથાવત છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં એટલે કે આજે સવારે ૬ વાગ્યા સુધી જામનગર જીલ્લાના પીએચસી સેન્ટરો પર નોધાયેલ વરસાદના સતાવાર આંકડાઓ પર નજર કરવામાં આવે તો જામનગર તાલુકાના વસઈ , લાખાબાવળ , મોટી બાણુંગાર , જામવંથલી અને મોટી ભલસાણમાં અડધો - અડધો ઇંચ વરસાદ જ્યારે દરેડમાં પોણો ઇંચ તો ધ્રોલના લેયારામાં પોણો ઇંચ વરસાદ કાલાવડના નિકાવામાં પોણા બે ઇંચ , ખરેડીમાં પોણા ત્રણ ઇંચ , મોટા વડાળામાં ૩ ઇંચ , નવાગામમાં ૨ ઇંચ , મોટા પાંચ દેવડામાં ૨ ઇંચ વરસાદ વરસ્યો છે ,જામજોધપુર તાલીકાના સમાણામાં ૧ ઇંચ , શેઠવડાળા અને જામવાડીમાં ૨ ઇંચ , વાંસજાળિયામાં પોણો ઇંચ , ધ્રાફા અને પરડવામાં ૧ ઇંચ , લાલપુર તાલુકાના પડાણામાં પોણા બે ઇંચ , વરસાદ નોંધાયો હોવાનું જાહેર થયું છે . જો તાલુકાવાર છેલ્લા ૨૪ કલાકના આંકડાઓ જોઈએ તો આજે સવારે ૬ કલાકે પૂર્ણ થતા ચોવીસ કલાક દરમિયાન જામનગર શહેરમાં અડધો ઇંચ , કાલાવડમાં ૨ ઇંચ , લાલપુર અને જામજોધપુર શહેરમાં એક એક ઇંચ વરસાદ નોંધાયો છે.જો કે આજે સતત બીજા દિવસ પણ જામનગર શહેર અને જીલ્લામાં વરસાદી માહોલ છવાતા લોકોને આજે પણ વરસાદ તૂટી પડશે અને ગરમીથી રાહત મળશે તેવી આશા બંધાયેલ છે .

## ઊના નાલિયા માંડવી ગામે ડેપ્યુટી કલેકટર અને અધિકારીઓ દ્વારા ગ્રામસભા બેઠક યોજાઈ





**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નલિયા માંડવી ગામે ડેપ્યુટી કલેકટર અને અધિકારીઓ ગણ દ્વારા ગ્રામસભા ની એક મીટીંગ યોજાઇ જેમાં ગ્રામસભાના પ્રશ્નો હલ તે અનુસંધાને મીટીંગ યોજાઈ જેમાં ગ્રામજનોએ પોતાના પ્રશ્ન રજૂ કર્યા જેમાં ગટર યોજનાની વાત કરવામાં આવી ગામમાં સ્વચ્છતા અભિયાન વિશે પણ વાત કરી ગામના વિવિધ પ્રશ્નો કલેકટર શ્રી એ સાંભળ્યા અને જે લેવા જેવા હતા પ્રશ્નને નોટ કર્યા ગામમાં સ્વચ્છતાને લઈન આદેશ આપવામાં આવ્યા સરપંચના પ્રતિનિધિએ થોડાક સમયથી ચાલી રહ્યો છે મુદ્દો તેમાં ફરિયાદી છે તેમાં તેમને અવારનવાર ધમકી મળે છે તે વિષય પણ કલેક્ટરને આ સભામાં વાત કરી થોડા દિવસો પહેલા તેઓએ રજૂઆત પણ કરી ગ્રામસભાના અનેક પ્રશ્નો લઈ અને મીટીંગ અંતે પૂર્ણ કરવામાં આવી હતી.

## મોરબીમાં અજાણી મહિલાનું ગળુ દબાવી હત્યા નિપજાવનાર આરોપી વાંકાનેર તાલુકાના વાંકીયા ગામથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીના લીલાપર કેનાલ રોડ પર નાલા નીચે અજાણી મહિલાનું ગળુ દબાવી હત્યા નિપજાવનાર આરોપીને મોરબી સીટી એ ડીવીઝન પોલીસે વાંકાનેર તાલુકાના વાંકીયા ગામથી ઝડપી પાડયો છે.

મોરબીના લીલાપર કેનાલ રોડ ઉપર કેનાલના નાલા નીચેથી થોડા સમય પહેલા એક અજાણી મહીલાની લાશ મળી આવેલ હોય જેનુ રાજકોટ ખાતે ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરાવતા મરણજનારને ગળેટુંપો આપી મારી નાખેલ હોવાનું સામે આવેલ હોય જેથી પોલીસે અજાણી મહીલાનુ મર્ડર કરનાર અજાણ્યા ઇસમ વિરુધ્ધ આઇપીસી ૩૦૨ મુજબ ગુન્હો રજી કરવામાં આવેલ હતો.

અજાણી મહિલાની ઓળખ કરવા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા તપાસની કાર્યવાહી ચાલુ કરી હતી. ત્યારે એક પ્રેસનોટ વાઈરલ કરવામાં આવી હતી અને મરણજનારના વાલીવારસની શોધખોળ ચાલુ હોય તે દરમ્યાન પોલીસ ઇન્સ્પેકટરને મધ્યપ્રદેશના જાંબવાથી ફોન આવેલ હતો જેમા તેઓએ જણાવેલ કે આ લાશ મળેલ છે તે તેમના પત્ની સુનિતાની છે. જેની ગુમશુધ્ધા નોંધ કાકનવાણી પોલીસ સ્ટેશન જી.જાંબવા ખાતે રજીસ્ટર કરવામા આવેલ છે. તેમ વાતચીત કરતા તેમના પત્ની ગુમ થયેલ તેને કુલસીંગ ઉર્ફે ઇડલુ ઉર્ફે રાજુ રાઠવા ભગાડી લઈ ગયેલાની હકિકત જણાવતા આ મર્ડર કરેલ હોવાની શકયતા જણાતા આરોપીને ટેકનીકલ માધ્યમથી વાંકાનેર તાલુકાના વાંકીયા ગામની સીમમાથી મળી આવતા તેની પુછપરછ કરતા તેને મર્ડર કરેલાની કબલાત કરી હતી.

મોરબી એ ડિવિઝન પોલીસ દ્વારા પકડાયેલ આરોપી કુલસીંગ ઉર્ફે ઇડલુને મરણ જનાર સુનીતા સાથે પ્રેમસબંધ હોય જેથી સુનીતા તેની સાથે રહેવા આવતી રહેલ હતી અને તેઓ ચોટીલા તાલુકાના લાખણકા ગામે રહેતા હોય ત્યારે મરણ જનાર સુનિતાએ કોઈ કારણોસર સામાન્ય થોડી દવા પી લેતા તેમના વાડી માલીકને વાતચીત કરતા તેના વાડી માલીક દ્વારા બંનેને આરોપી કુલસીંગના સગા વહાલાઓ લીલાપર ગામ પાસે વાડી રાખી રહેતા હોય જેથી લીલાપર તેમના સગાને ત્યા વાડી માલીક તેની ઇકો ગાડીમા લીલાપર પાસે મુકી ગયેલ હતા ત્યારબાદ આરોપીએ મરણજનારને રાત્રીના સમયે કેનાલના નાલા નીચે લઇ જઇ ગળુ દબાવી મારી નાખી મર્ડર કરેલ હોવાનુ ફલીત થતા આરોપી કુલસીંગ ઉર્ફે ઇડલુ ઉર્ફે રાજુ અમેરસીંગ કીકરીયા રાઠવા ઉવ.૩૦ રહે.હાલ વાંકીયા ગામની સીમ રાતીદેવળી રોડ અકબરભાઇ જુણેજાની વાડીએ વાંકાનેર મુળરહે.ભીંબરડા આલીકામત ફળીયુ તા.ઉમરોલી જી. અલીરાજપુરવાળાને અટક કરી મોરબી સીટી એ ડીવી.પો.સ્ટે ઈ.પી.કો કલમ.૩૦૨ મુજબનો ગુનહો ડીટેકટ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## મારવાડી યુનિવર્સિટીએ ફેકલ્ટી સભ્યો સ્ટાફ અને ૫૪ દેશોના વિદ્યાર્થીઓ સાથે મળી ઉત્સાહભેર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મારવાડી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો અને સ્ટાફે શુક્રવાર - ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ભારત સહિત ૫૪ દેશોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગની આગેવાની હેઠળ, યુનિવર્સિટી કેમ્પસના ઇનર સેમિનાર હોલ ખાતે સવારે ૯ થી ૧૧ દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં ભાગ લેનારા લોકોએ વિવિધ યોગાભ્યાસ સાથે પ્રેક્ટિકલ યોગ સેશન્સ યોજાયા હતા. જેમાં યોગ અંગે ફેસિલિટેટર્સ દ્વારા માહિતી પ્રદાન કરવામાં આવી હતી.




દરવર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અને એક્ટિવિટી ચોક્કસ થીમ આધારિત હોય છે. આ વર્ષ ૨૦૨૪ની થીમ યોગ ફોર સેલ્ફ એન્ડ સોસાયટી (સ્વંય અને સમાજ માટે યોગ) હતી. લોકોની તંદુરસ્તી અને શારિરિક-માનસિક સુખાકારીમાં વધારો કરવામાં ફાળો આપતો યોગ છેલ્લા ઘણા વર્ષોથી વિશ્વભરમાં પ્રચલિત બન્યો છે.

## જામનગર શહેરના બેડીબંદર ઓવરબ્રિજ નીચેથી ૨૪૪ નંગ દારૂ-બિયર ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના બેડીબંદર ઓવરબ્રિજ નીચેથી ૨૪૪ નંગ દારૂ-બિયર ઝડપાયો જામનગર શહેરના બેડીબંદર રોડ પર આવેલ ઓવરબ્રિજ નીચે દારૂ વેચાઇ રહયો હોવાની બાતમી પરથી એલસીબીએ ત્યાં દરોડો પાડી ધર્મેન્દ્ર ઉર્ફે ધમો પરેશભાઇ ભટ્ટ નામના શખ્સને પકડી પાડયો હતો અને તેના કબ્જામાંથી ઇગ્લીશ દારૂની નાની-મોટી બોટલો તથા બિયરના ટીન મળી કુલ નંગ ૨૪૪ રૂા. ૨૫,૨૦૦ની કિંમતનો મળી આવ્યો હતો, પોલીસે તેનો મોબાઇલ ફોન પણ કબ્જો કર્યો હતો. પોલીસે રૂા. ૩૦,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પુછપરછ હાથ ધરતા તેને જણાવ્યું હતું કે, આ દારૂનો જથ્થો મુંબઇ ખાતેથી તેમની માતા શિલાબેન ફ્રાન્સીસ્વામી ઉમેદસિંહ જાડેજા સાથે મળીને લઇ આવ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે પકડાયેલા શખ્સને સ્થાનિક પોલીસના હવાલે કર્યો છે.



## હળવદના બ્રાહ્મણી-૨ ડેમમાં પાણીની આવક વધતાં હેઠવાસના ગામોને એલર્ટ કરાયા

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના સુસવાવ ગામ પાસે આવેલ શક્તિ સાગર (બ્રાહ્મણી-૨) ડેમ ફૂલ લેવલ મુજબ ૭૦% ભરાઈ ગયેલ હોઈ. ત્યારે ડેમમાં પાણીની આવક વધતા ડેમના દરવાજા ગમે ત્યારે ખોલવામાં આવશે જેથી નીચાણવાળા નવ ગામોને એલર્ટ કરાયા.

હળવદ તાલુકાના સુસવાવ ગામ પાસે આવેલ શક્તિ સાગર (બ્રાહ્મણી-૨) ડેમ ફૂલ લેવલ મુજબ ૭૦% ભરાઈ ગયેલ હોઈ. ડેમમાં પાણીની આવક વધતા ડેમના દરવાજા ગમે ત્યારે ખોલવામાં આવશે. તો યોજનાના નીચવાસમાં આવતા સુસવાવ, કેદારીયા, ધનાળા, રાયસંગપુર, મયુરનગર, મીયાળી, ચાડધ્રા, ટીકર, માનગઢ ગામોના લોકોને તકેદારીના ભાગરૂપે પગલા લેવા તેમજ નદીના પટમાં અવર- જવર ન કરવા સૂચના આપવામાં આવી છે.

## મોરબીમાં સિરામીક સીટી એપાર્ટમેન્ટના ફલેટમાંથી વિદેશી દારૂની ૧૫ બોટલ સાથે એકની ધરપકડ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે મોરબીના સામાકાંઠા વિસ્તારમાં શક્તિ ચેમ્બર પાછળ આવેલ સિરામીક સીટી એપાર્ટમેન્ટના ફલેટમાંથી મોંઘીદાટ સ્કોચ વ્હીસ્કીની ૧૫ બોટલ કિ.રૂ.૩૦,૦૦૦/ -સાથે બગથળા ગામના એક શખ્સની અટક કરી છે.

મોરબી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે મોરબી-૨ શક્તિ ચેમ્બર પાછળ આવેલ સિરામીક સીટી એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં. આઈ-૬ માં દરોડો પાડી વેચાણ અર્થે રાખેલ વિદેશી દારૂની મોંઘીદાટ જોહની વોકર રેડ લેબલ સ્કોચ વ્હીસ્કીની ૧૫ બોટલ મળી આવી હતી. આ સાથે આરોપી ઉમેશભાઇ રામજીભાઇ મેરજા ઉવ.૩૧ રહે. બગથળા તા.જી.મોરબીને ઝડપી લેવાયો હતો. પોલીસે વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઈ પકડાયેલ આરોપી સામે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# ગેમઝોન અગ્નિકાંડના મૃતકોની કાલે પ્રથમ માસિક પૂણ્યતિથિ કોંગ્રેસ દ્વારા બંધને સફળ બનાવવા ઉંધા માથે ક્વાયત

## આવતીકાલે અડધો દિવસ સજ્જડ બંધ પાડી મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પીએ : શક્તિસિંહ ગોહિલઃ કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ સહિતના પ્રદેશ નેતાઓના રાજકોટમાં ધામા : મોટાભાગના વેપારી સંગઠનો પણ બંધમાં જોડાશે

**મુખ્ય સમાચાર રાજકોટ**

આવતીકાલે રાજકોટમાં બનેલ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા લોકોની પ્રથમ માસીક પુણ્યતિથિ છે. જેને લઈ કોંગ્રેસ દ્વારા અડધા દિવસ માટે રાજકોટ બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેને લઈ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ, સેવાદળના અધ્યક્ષ લાલજી દેશાઈ, યુવા ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહિતના પ્રદેશ નેતાઓએ રાજકોટમાં પડાવ નાખ્યો છે.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

આ સંદર્ભે આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગેમ ઝોન અગ્નિકાંડમાં નિર્દોષ લોકો મોતના મુખમાં હોમાયા છે. જેની કાલે પ્રથમ માસિક પુણ્યતિથિ છે. મૃતકોને શ્રધ્ધાંજલિ આપવા રાજકોટ બંધનું એલાન અપાયું છે. વધુમાં મૃતકના પરિવારજનો દ્વારા પણ શહેરીજનોને દર્દભરી અપીલ કરવામાં આવી છે. મૃતકોને બંધ પાડી સાચી શ્રધ્ધાંજલિ અર્પી તેવું તેમણે જણાવ્યું હતું.

રાજકોટમાં ગત તા.૨૫ મેના રોજ નાનામવા વિસ્તારમાં ગેરકાયદેસર રીત બનાવાયેલ ટીઆરપી ગેમઝોનમાં ભભુકેલી આગમાં ૨૭ લોકો જીવતા ભુંજાઇ ગયા હતા. આ અતિ કરૂણ ઘટનાની પ્રથમ માસીક વર્ષીએ આવતીકાલ તા.૨૫ જુનને મંગળવારના રોજ કોંગ્રેસ દ્વારા રાજકોટ બંધનું એલાન આપવામાં આવ્યું હોય, રાજકોટવાસીઓ આવતીકાલે મંગળવારે સ્વયંભુ બંધ પાળી મૃતકોને શ્રધ્ધાંજલી અર્પશે અને પીડીત પરિવારોને ઝડપથી ન્યાય મળે તે માટે સરકાર સમક્ષ માંગણી કરનાર છે.

રાજકોટમાં ૨૭ લોકોના ભોગ લેનારી આ ગંભીર ઘટનાથી લોકોમાં ભારે આક્રોશની લાગણી પ્રવર્તે છે અને આ ગેરકાયદે ગેમઝોન સામે આંખ મિચામણા કરનાર મ્યુનિ. કમિશનર, પોલીસ કમિશનર સહીત ચાર ટોચના અધિકારીઓની બદલી કરી નાખવામાં આવી છે. જયારે મહાનગરપાલિકાના ટીપીઓ ચીફ ફાયર ઓફીસર સહીત અનેક અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે અને હજુ ઘણા અધિકારીઓ ઉપર ધરપકડની તલવાર લટકી રહી છે.

રાજય સરકારે લોકોનો આક્રોશ ખાળવા આ ઘટનાની તપાસ માટે આઇપીએસ અધિકારી સુભાષ ત્રિવેદીના વડપણ હેઠળ સ્પેશીયલ ઇન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરી છે. જયારે હાઇકોર્ટની સલાહ બાદ ત્રણ સિનિયર આઇએએસ અધિકારીઓની સત્યશોધક સમિતિ પણ બનાવી છે. આમ છતાં લોકોમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો હોય આવતીકાલ તા.૨૫ જુને આ ગોઝારી ઘટનાને એક માસ પુર્ણ થતો હોવાથી પીડીતોને ન્યાય આપવાની માંગણી સાથે કોંગ્રેસ દ્વારા રાજકોટ બંધનું એલાન આપવામાં આવ્યું છે.આ બંધના એલાનને મોટાભાગના વેપારી સંગઠનોએ ટેકો જાહેર કર્યો હોવાથી આવતીકાલે રાજકોટ જડબેસલાક બંધ રહે તેવી શક્યતા છે. વેપારીઓ બંધમાં સ્વયંભૂ જોડાઇ રહ્યા છે. બીજી તરફ કોંગ્રેસના ટોચના નેતાઓએ બંધને સફળ બનાવવા રાજકોટમાં ધામા નાખયા છે. કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી લગભગ ૧૫ દિવસથી બંધને સફળ બનાવવા શહેરમાં ફરી રહ્યા છે અને પત્રિકા વિતરણ કરી રહ્યા છે. સ્વજનો ગુમાવનાર પીડિત પરિવારો પણ બંધમાં જોડાવા લોકોને અપીલ કરી રહ્યા છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શકતીસિંહ ગોહિલ, સેવાદળના પ્રદેશ અધ્યક્ષ લાલજી દેસાઇ સહિતના નેતાઓએ રાજકોટમાં પડાવ નાખ્યો છે.

## કાલે રાજકોટ બંધ રાખવા વેપારીને અપીલ કરતાં ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી સહિતના આગેવાનો


(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટ અગ્નિકાંડ મૂદે કોંગ્રેસ રાજકોટના અલગ અલગ વિસ્તારોમાં બંધમા સહકાર આપવા વેપારીઓને અપીલ કરવા નીકળ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિત સેવાદળના ૧૦૦થી વધુ કાર્યકરો શિસ્તબદ્ધ રીતે મૌનરેલીના સ્વરૂપે અપીલ કરવા નીકળ્યા હતા બાદમા જિજ્ઞેશ મેવાણીએ પોતે પોતે એક એક દુકાનોએ ફરીને વેપારીઓને અપીલ કરી હતી. રાજકોટની સદર બજાર, ધેમેન્દ્ર રોડ,લાખાજીરાજ રોડ સહિત મુખ્ય બજારોમા બંધમા સહકાર અપીલ કરતા સમયે વેપારીઓને સકાત્મારક પ્રતિસાદ આપ્યા હોવાનુ આગેવાનોએ જણાવ્યુ હતુ**

## કાલે રાજકોટની શાળાઓ- કોલેજો બંધ રાખવા કોંગ્રેસ-એનએસયુઆઈની અપીલ

### તમામ શાળા-કોલેજોના સંચાલકો સાથે સંસ્થાઓ બંધ રાખવા વ્યક્તિગત રજુઆતો કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના અગ્નિકાંડ મુદ્દે કોંગ્રેસ આક્રમક મૂડમા જોવા મળી રહી છે અને આવતીકાલે એટલે ૨૫મી જૂન અને મંગવાળે બંધનુ એલાન આપ્યું છે ત્યારે રાજકોટની તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહે તે માટે કોંગ્રેસના શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલ આગેવાનો- NSUIના પ્રદેશ અગ્રણીઓ ખાનગી શાળા સંચાલક મંડળના અગ્રણીઓને આ મુદ્દે સમર્થન આપવા અપીલ કરી હતી ને તેઓએ રજૂઆતમાં જણાવ્યું હતુ કે આ લડાઈ કોઇ રાજકીય નથી આ લડાઇ ન્યાય માટે રાજકોટના સ્વાભિમાનની કસોટીની છે. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમા અનેક નિર્દોષ નાના ભૂલકાઓ ભુજાયા છે ત્યારે આવી દુર્ઘટનાઓ જો તંત્ર અને સરકારના પાપે થતી હોય તો માનવસમાજની ફરજ બને કે પીડિતોને ન્યાય મળવો જોઈએ અને જે જે જવાબદારો હોય તેઓને કડક સજા મળવી જોઈએ.વિશેષ કોંગ્રેસના આગેવાનો અને સ્કૂલ સંચાલકો વેચ ખાસ ચર્ચા ધો.૧૦-૧૨ બોર્ડની હાલ પૂરક પરીક્ષાઓ ચાલી રહી છે તે અંગે થઈ કે હાલ જે જે કેન્દ્રો પર પરીક્ષાઓ ચાલુ ત્યા અમને કોઇ આપતી નથી જેથી પૂરક પરીક્ષાઓ રાબેતા મુજબ ચાલશે અને તે કેંદ્રો પર વિદ્યાર્થીઓને કોઇ ખલેલ ના પહોંચે તેની ખાસ તકેદારી લેવામાં આવશે તેવુ વિદ્યાર્થી આગેવાનોએ નિર્ણય લીધો હતો.



વધુમા કોંગ્રેસના અગ્રણીઓએ રજૂઆતમા જણાવ્યુ હતુ અમે સબળ વિપક્ષ તરીકે સૂતેલી સરકારને જગાડવી એ અમારી ફરજ છે અને જેથી આવી દુર્ઘટનાઓ ભવિષ્યમા ના બને તે આશયથી જ અમે તમામ શૈક્ષણિક સંસ્થાઓને એક દિવસ સ્વેચ્છિક બંધ રાખે તેવી અપીલ કરી છે. અમે માનવતાની રૂહે પીડિત પરિવારોની પડખે ઊભીને તેઓને ન્યાય અપાવવા માટે આ લડત છેલ્લા એક મહિનાથી લડી રહ્યા છે અને પીડિત પરિવારોને ન્યાય મળે તે જ અમારી પ્રાથમિકતા છે. અમારે લોકોને શૈક્ષણિક સંસ્થાઓ કે રાજકોટ બંધ સફળ રહે તેનો જશ ખાટવાનો જરા પણ રસ નથી કારણ કે આ રાજકોટવાસીઓની કરૂણાંતીની અને સ્વાભિમાનની પરીક્ષા છે આવા દુઃખદ દુર્ઘટનાઓ આપણા શહેરમા બન્યા પછી તો મૃતકોની પ્રથમ માસિક પુણ્યતિથિએ અનેક ન્યાયયીક બાબતોમા કોઇ પક્ષાપક્ષીમા કોણ પડે ! જરાક તો માનવતા જેવું હોય કે નહીં ! અમે તો સતાધારી પક્ષના આગેવાનો અને નેતાઓને પણ અપીલ કરી છે કે તમે આ બંધના એલાનમા તમે પણ સાથે જોડાવો અને સૌને બંધની અપીલ કરવા આવો અમે તમારા સિપાહી બનીશુ અને પીડિતોને ન્યાય નહીં મળે ત્યા સુધી સાથે લડીશુ.

રાજકોટ શહેરની તમામ કોલેજોના સંચાલકો સાથે પણ અમારા આગેવાનોએ વ્યક્તિગત રજૂઆત કરી કે એક દિવસ સ્વેચ્છિક કોલેજો બંધ રાખી પીડિતોને સમર્થન આપો અને તે લોકોએ આવી કરૂણાંતી બાબતે પીડિતોને સમર્થન આપશે તેવો અમને સપૂર્ણ ભરોસો છે. વધુમાં આગેવાનોએ જણાવ્યું હતુ કે અમારો ઈરાદો બાળકોના શૈક્ષણિક કાર્ય બગડે તેવો નથી પરંતુ આ અગ્નિકાંડમા મૃતકો મોટાભાગના નાના ભુલકાઓ અને યુવાનો જ હતા જેથી ખાસ સ્કૂલો-કોલેજોના વિદ્યાર્થીઓએ તેઓના જાનમાલની સુરક્ષા બાબત્તે સરકારની બેદરકારીઓ સામે વહિવટી તંત્રને વધુ સતર્ક-સક્રિય બનાવવા આ એલાનમા સમર્થન આપવું જ જોઈએ જેથી આવી કોઈ ઘટનાઓ આપણાં રાજ્યમાં ના બને. તેમ છતા કોઇ સ્કૂલ-કોલેજ સંચાલકો સતાના ઇશારે કે અહમમા રહી પીડિત પરિવારોની અપીલની ઉપરવટ જઈ શૈક્ષણિક સંસ્થા ચાલુ રાખશે તો અમારા કોઇ કાર્યકર કોઇ સાથે ઘર્ષણમા નહી ઉતરે ! સંચાલકોને બે હાથ જોડીને પીડિત પરિવારોની વ્યથાઓ અને આપવીતી સમજાવીને તેઓને માનવતાની રૂહે એક દિવસ બંધ કરાવવા વિનંતી કરવાની પહેલ જ કરવાની સૂચનાઓ આપી તેવુ જણાવ્યુ હતું.

રાજકોટના ખાનગી કોચિંગ ક્લાસીસ એસોશિયનએ પણ સ્વેચ્છિક આ બંધના એલાનમા સમર્થન જાહેર કર્યું હતુ જેમાં 300 થી વધુ કોચિંગ ક્લાસીસોનો સમાવેશ થાય છે. આ વિગતો કોંગ્રેસના પ્રવક્તા અને પૂર્વ સિન્ડિકેટ સભ્ય નિદતભાઈ બારોટ,પૂર્વ સેનેટસભ્ય રાજદીપસિંહ જાડેજા,ગજઆઈ ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી,કોંગ્રેસના પ્રવક્તા અને વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂત અને રાજકોટ ગજઆઈ ના પ્રમુખ બ્રિજરાજસિંહ રાણા,યુવક કોંગ્રેસના શહેર પ્રમુખ હરપાલસિંહ જાડેજા,જિલ્લા યુવક પ્રમુખ અલ્પેશ સાધરિયાની યાદીમાં વિગતો આપી અપીલ કરી હતી.

## વિકૃત તબિબે મહિલા તબિબના નંબર બસ સ્ટેન્ડના બાથરૂમમાં લખી હેરાન કરી

### બાબરા આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા રાજકોટના મહિલા તબીબે મીડિયા ગ્રુપમાંથી ડોક્ટરને દુર કરતા જધન્ય કૃત્ય કર્યુઃ પોલીસે વિકૃત તબિબની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતા અને બાબરા આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડોક્ટરે માનસિક વિકૃતિ ઠાલવી હતી, ડોક્ટરે તેની સાથી મહિલા ડોક્ટરના મોબાઇલ નંબર સાથેના બીભત્સ લખાણ બસ સ્ટેશનના બાથરૂમની દીવાલો પર લખ્યા હતા, પોલીસે ગુનો નોંધી ડોક્ટરને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

૩૩ વર્ષીય પરિણીત મહિલા ડોક્ટરે રાજકોટ એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટમાં રહેતા અને બાબરા આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં ડો.ઘુમન ગાંધીનું નામ આપ્યું હતું. મહિલા ડોક્ટરે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૬ના તેમના ડોક્ટરોના સોશિયલ મીડિયા ગ્રૂપમાં બાળકોને ધનુરની રસી આપવા અંગેની માહિતી જિલ્લાતંત્ર દ્વારા માગવામાં આવી હતી, ડો.ઘુમન ગાંધી સરકારી લેપટોપ ધરાવતા હોય તેમજ તેમણે આ માહિતી મોકલવાની હોવાથી મહિલા તબીબે સોશિયલ મીડિયા ગ્રૂપમાં ડો.ગાંધીને મેસેજ મોકલી માહિતી સબમીટ કરવા કહ્યું હતું. ડો. ગાંધીએ સોશિયલ મીડિયામાં કોઈ પ્રત્યુતર નહી આપતાં મહિલા તબીબે ફોન કરી ડો.ગાંધીને આ અંગે જાણ કરતા ડો.ગાંધી પોતાની પાસે રહેલું લેપટોપ મહિલા તબીબને આપી ગયો હતો જેથી મહિલા તબીબે જરૂરી માહિતી તૈયાર કરી જિલ્લા તંત્રને મોકલી આપી હતી.

ડો.ઘુમન ગાંધીએ સોશિયલ મીડિયામાં પ્રત્યેર આપ્યો નહીં હોવાથી મહિલા તબીબે ડો. ગાંધીને એ ગ્રૂપમાંથી રીમૂવ કર્યા હતા. ત્યારબાદ ગત તા.૧૩થી મહિલા તબીબના મોબાઇલ પર અલગ અલગ નંબરમાથી બીભત્સ મેસેજ આવવાનું શરૂ થયું હતું, અલગ અલગ નંબરથી આવા મેસેજનો મારો શરૂ થતાં મહિલા ડોક્ટરને શંકા ઉપજી હતી અને તેમણે આવેલા મેસેજ પૈકીના એક મોબાઇલ નંબર પર ફોન કરી તેમને મહિલા તબીબનો નંબર ક્યાંથી મળ્યો તેવું પૂછતાં તે વ્યક્તિએ રાજકોટ બસ સ્ટેશનના બાથરૂમની દીવાલો પર આ મોબાઈલ નંબર અને બીભત્સ લખાણ લખાયાનું કહ્યું હતું. આ વાત સાંભળી મહિલા તબીબ ચોંકી ગયા હતા અને તેમણે તેમના ભાઈને રાજકોટ બસ સ્ટેશનના બાથરૂમની દીવાલે જઈને આ વાતની ખરાઈ કરવાનું કહેતા તેમના ભાઈએ ત્યાં જઈ દીવાલો પર લખેલા લખાણના ફોટા પાડી મોકલ્યા હતા, દીવાલ પર મહિલા ડોક્ટરના નામ સાથે લખાયેલા બીભત્સ લખાણના અક્ષર ડો.ઘુમન ગાંધીના હોવાનું મહિલા તબીબે ઓળખી કાઢ્યું હતું, અને ડો.ઘુમન ગાંધીને સોશિયલ મીડિયામાંથી રીમુવ કરાતા તેનો ખાર રાખી તેમણે આ કૃત્ય કર્યાનું સ્પષ્ટ થતાં મહિલા ડોક્ટરે ફરિયાદ નોંધાવી હતી, પોલીસે ગુનો નોંધી ડો.ઘુમીન ગાંધીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ભગવાન જગન્નાથની રથયાત્રા પૂર્વે યોજાઈ કળશયાત્રા


(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી ૭ જુલાઈના રોજ ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા નીકળશે. હાલ આ રથયાત્રાની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ૨૨ કિલોમીટરની રથયાત્રામાં ખાસ ફ્લોટ્સ સાથે સનાતની બુલડોઝર પણ રાખવામાં આવ્યું છે. આ સનાતની બુલડોઝર લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બનશે. રથયાત્રા પૂર્વે આજે રાજકોટમાં કળશ યાત્રા યોજવામાં આવી હતી.

કૈલાસધામ આશ્રમના મહંત ત્યાગી મનમોહનદાસે જણાવ્યું કે, આજે જગન્નાથ મંદિરે વૈદિક પરંપરા મુજબ ભવ્ય જળયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં ૧૦૮ કળશધારી બાળાઓ વાજતે-ગાજતે નાનામવા ગામના કુવે પાણી ભરવા ગઈ હતી. ત્યારબાદ પાણી અને કેસર-ચંદનથી મંદિર પટાંગણમાં ભગવાન જગન્નાથજીને સ્નાન કરવામાં આવ્યું હતું. આ જળયાત્રામાં બાળાઓ, બહેનો અને સાધુ-સંતો તેમજ ભક્તજનો જોડાયા હતા. દૂધ, કેસર અને ૧૦૮ ઘડા જળથી ભગવાનને સ્નાન કરાવ્યા બાદ યાત્રા નીજ મંદિર પરત લાવવામાં આવી હતી. ભગવાન જગન્નાથની રથયાત્રા : રથયાત્રા વિશે માહિતી આપતા મનમોહનદાસે જણાવ્યું કે, આગામી ૭ જુલાઈના રોજ વાજતે-ગાજતે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે. જેમાં સંતો અને મહંતોની સાથે રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓ પણ જોડાશે. આ વર્ષે પૂજન વિધિ, નેત્રોત્સવ, ધ્વજારોહણ અને અભિષેકનો લાભ લેવા માટે યજમાનો વચ્ચે બોલી બોલાશે. આ વખતે ૫૬ ભોગનું આયોજન કરવામાં આવ્યું છે. રથયાત્રા પહેલા ભગવાન જગન્નાથજીનું પૂજન કરવામાં આવશે. રથયાત્રા અંદાજિત ૨૨ કિલોમીટરની હશે, જેમાં વિવિધ ફ્લોટ્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. વર્ષભર જે ભક્તો ભગવાન જગન્નાથજીના દર્શન કરવા જઈ શકતા નથી, તેને ખુદ ભગવાન સામે ચાલીને દર્શન આપશે.

## રૈયાધારમાં યુવાનની હત્યાના બનાવમાં સાવકી માતા સહિત ત્રણની ધરપકડઃ ત્રણની શોધખોળ

### ૧૨ વર્ષ પહેલાં અકસ્માતમાં મૃત્યુ પામેલી માતાના વીમાના આવેલા ૭ લાખની ઉઘરાણી કરતા ઝઘડો થતા પાઈપ અને ધોકા મારી મોતને ઘાટ ઉતાર્યાની કબુલાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર પર સાવકી માતા સહિત પાંચ શખ્સોએ ધોકા અને પાઈપથી યુવકની હત્યા કર્યાનું યુનિર્વસિટી પોલીસમાં નોંધાતા પોલીસે ગણતરીની કલાકોમાં જ સાવકી માતા તેની પત્ની અને માતાની ધરપકડ કરી છે. હત્યાનામાં સંડોવાયેલા બે જોડીયા ભાઈની પોલીસે શોધખોળ હાથધરી છે. રૈયાધાર પર આવેલી રાધેશ્યામ ગૌશાળા પાસે રહેતા લાખા જેરામભાઈ વાઘેલા નામના ૩૮ વર્ષના યુવાનને સાવકી માતા બેબી અમરશી ચારોલીયા, તેનો પુત્ર વિજય, તેની પત્ની સંજના, વિજયના સાળા નિલ રાઘવ અને સાહિલ રાઘવ નામના શખ્સોએ ધોકા અને પાઈપથી માર મારી હત્યા કર્યાની ઘંટેશ્વર ૨૫ વારીયા પ્લોટમાં રહેતી મૃતકની બહેન વસંતબેન ગુલાબભાઈ સાડમીયાએ યુનિર્વસિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મૃતક લાખા જેરામભાઈ વાઘેલાની માતા લીલાબેન, નાનો ભાઈ ભનો, ભત્રીજો રાહુલ અને ત્રણ વર્ષની ભત્રીજી હીરલનું ૧૨ વર્ષ પહેલાં મોરબી રોડ પર સર્જાયેલા અકસ્માતમાં મોત નીપજ્યું હતું. લીલાબેનના મૃત્યુ બાદ જેરામભાઈ વાઘેલાએ બેબીબેન નામની પરિણીત મહિલાને પોતાના ઘરમાં બેસાડી દીધી હતી. છેલ્લા ૧૨ વર્ષથી જેરામભાઈ વાઘેલાની દેખભાળ બેબીબેન કરી રહ્યા છે. જેરામભાઈનો મોટો પુત્ર શિવો તેના પરિવાર સાથે નિકાવા રહે છે જ્યારે નાનો પુત્ર લાખો તેની સાસુ અને પત્ની ભનુ સાથે સાત હનુમાન મંદિર પાસે રહે છે.

દરમિયાન ૧૨ વર્ષ પહેલાં અકસ્માતમાં મૃત્યુ પામનાર લીલાબેનના અકસ્માત વળતરના ૭ લાખ મંજુર થયા બાદ બે માસ પહેલાં જેરામભાઈ ઉપાડી લીધા હતા. લાખા વાઘેલાને એકાદ માસ પહેલાં પત્ની ભાવુબેને છુટાછેડા દીધા હોવાથી તે પોતાના પિતા જેરામભાઈ સાથે રૈયાધાર પર રહેવા આવ્યો હતો. પિતા જેરામભાઈ વાઘેલાને પેરેલીલીસનો એટેક આવતા તેની દેખભાળ રાખતો હોવાથી જેરામભાઈ વાઘેલાએ તેની બીજી પત્ની બેબીબેનને વીમાની રકમમાંથી લાખા વાઘેલાને ભાગ આપવાનું કહેતા પરિવારમાં ઝઘડો થતા પાંચેય શખ્સોએ હત્યા કરી ભાગી જતા પી.આઈ. કૈલા અને રાઈટર લખમણભાઈ મકવાણા સહિતના સ્ટાફે વિજય અમરશી ચારોલા, તેની પત્ની સર્જનબેન ચારોલા, અને માતા બેબીબેન અમરશી ચારોલાની ધરપકડ કરી છે. વિજયના સાળા નિલ રાઘવ અને તેના જોડીયા ભાઈ સાહિલની શોધખોળ હાથધરી છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** વાટલિયા પ્રજાપતિ (જય ચામુંડા પ્રિન્ટીંગ પ્રેસવાળા) નાથાભાઇ ભાણજીભાઈ ઉનાગરના સુપુત્ર સ્વ. રાજુભાઈ નાથાભાઇ ઉનાગર (ઉ.વ.૫૯) તેઓ ચંદુભાઈ ભાણજીભાઈ ઉનાગરના ભત્રીજા, શ્રી વાટલિયા પ્રજાપતિ યુવક મંડળ રાજકોટના પ્રમુખ યોગેશભાઈ નાથાભાઈ ઉનાગરના તથા મહેશ્વરી મલ્ટી પ્રિન્ટવાળા હર્ષદભાઇ છગનભાઇ ઉનાગરના મોટાભાઇનું તા. ૨૨-૦૪-૨૦૨૪ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૬-૦૬-૨૦૨૪ને સોમવારના રોજ ૫.૦૦ થી ૬.૦૦ કલાકે શ્રી વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી, ઉદયનગર-૧, ભકત ગોરા કુંભાર ચોક, મવડી ચોકડી, રાજકોટ મુકામે રાખેલ છે.

## રાજકોટ જિલ્લામા વીંછીયા, ગોંડલ, કોટડાસાંગાણી, લોધીકા તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારીએ પોલીયા બુથ પર બાળકોને પીવડાવ્યા ટીંપા

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** ભારત દેશ પોલિયો મુક્ત થઈ ગયો છે પણ કેટલાક પડોશી દેશ પોલિયો મુક્ત ના થયો હોવાથી તે ફરીથી ફેલાવાની શક્યતા રહેલ છે આપના બાળકો ને દર વખતે પોલિયો ના ટીંપા પીવડાવી પોલિયો મુક્ત રાખવાનું અભિયાન ચાલી રહ્યું છે. ત્યાર ૨૩ જુન ૨૦૨૪ ના દિવસે પોલિયો બુથ પર જઈને રાજકોટ જિલ્લા ના આઇ.સી.ડી.એસ વિભાગ ના વિવિધ ઘટક ના બાળ વિકાસ યોજના અધિકારી ઓ એ બાળકો ને પોલિયો ના ટીપા પીવડાવયા હતા તેમા ગોંડલ બાળ વિકાસ યોજના અધિકારી એ સોનલ બેન વાળા, કોટડાસાંગાણી પાયલ બેન ઓઝા, લોધીકા શોભાના બેન લાડાણી, વીંછીયા મનીષા બા ઝાલા એ ટીંપા પીવડાવી બાળકો ને વાલી ઓ ને ટીંપા પીવડાવા માટે અપીલ કરી હતી કે ''દો બુંદ જિંદગી કે ''સ્વસ્થ બાળ, સમૃદ્ધ દેશની આવતીકાલ સશકત અને સક્ષમ ભારતનું નિર્માણ કરવા બાળકોને પોલીયો વિરોધી રસી આપવી અતિ મહત્વની છે.



# જૂનાગઢની નામચીન ગેંગના રહીમ ઉર્ફે ખુરી સહિત ૧૦ શખ્સો વિરૂધ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ

## રવનિ ગામે આશરે એકાદ મહિનાં પહેલાં પિતા, પુત્રની ગોળી ધરબી કરી હતી હત્યા, ગેંગનાં અસ્તિત્વને નાશ કરતી પોલીસ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**



જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાનાં રવની ગામની કુખ્યાત ગેંગ જાણે અંતક મચાવ્યો હોય તેમ અનેક ગુનાઓ જેવા કે મર્ડર, મર્ડરની કોશિશ, અપહરણ, રાયોટીંગ, ધાકધમકી, લૂંટ, હથિયારની સપ્લાય, મારામારી, જાહેર મિલકતને નુકસાન સહિતના અસંખ્ય ગુનાઓનો ઇતિહાસ ધરાવે છે. તેમજ આશરે એકાદ મહિના પહેલા જ રવિન ગામની સીમમાં પીતા, પુત્ર ઉપર ફાયરીંગ કરી હોવાની ઘટનાને લઈને સાત જેટલા આરોપીને ઝડપી પાડવામાં આવ્યાં હતા જે પૈકી ચાર આરોપીઓ અને ભૂતકાળમાં ગેંગ સાથે મળીને ગુન્હા અચરનાર બે ઈસમો તેમજ ઝડપી પાડેલ ૪ આરોપી સહિત ગેંગનાં લીડર રહીમ ઉર્ફે ખુરી ઈસાભાઈ સાંધ સહિત તમામ ૧૦ સાગરિતો વિરુદ્ધ ધી ગુજરાત કંટ્રોલ ઓફ. ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ કાઈમ એક્ટ હેઠળ ગેંગેનાં અસ્તિત્વને નાશ કરવાનાં ભાગરૂપે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન જણાવ્યું હતું કે, વંથલી તાલુકાનાં રવની ગામની સીમમાં અશરે એકાદ મહિના પહેલા પીતા, પુત્રની ગોળી ધરબી હત્યાં કરવામાં આવી હતી. જેના ગુન્હાને અંજામ આપનાર ૭ આરોપીને ઝડપી પાડયાં હતા. જેમનો ગન્હાહિત ઈતીહાસ તપાસનાં સામે આવ્યું હતું કે આ ઈસમો અલગ-અલગ ગેંગ બનાવી દેશી કટ્ટા, પિસ્તોલ, છરી, લોખંડનાં પાઈપ સહિતનાં હથિયાર સાથે ઓર્ગેનાઈઝ ક્રાઈમ કરવની ટેવ ધરાવતાં હોય છે. જેથી આ ઈસમો દ્વારા રવની, જાપોદર સહિતનાં આસપાસનાં ગામોમાં ગમે ત્યારે ફારિંગ કરવું, જમીન પચાવી પાડવી, લુખ્ખાગીરી, મર્ડર કરવા સહિતનાં એક આરોપી દીઠ ૪ થી લઈને ૨૪ જેટલા ગુન્હાઓ પોલીસ ચોપડે નોંધાયેલ હોવાનુ સામે આવ્યુ છે. જેથી આ સમગ્ર માહિતી એકઠી કરી ગુજસિટોક દાખલ કરવા મંજુરી મેળવી વંથલી પોલીસ સ્ટેશને ૧૦ આરોપી વિરુદ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં અગાઉ ડબલ મર્ડરમાં સંડોવાયેલા સાત આરોપી પૈકી ગેંગનાં ૪ સાગરિતો તેમજ અગાઉ ભૂતકાળનાં ગેંદ સાથે આચરેલ ગુન્હાનાં બે આરોપી અને આજરોજ ચાર આરોપીને ઝડપી પાડી કુલ ૧૦ આરોપી વિરૂદ્ધ ગુજસિટોકનો ગુન્હો દાખલ કરી જેલ હવાલે કરવામાં આવ્યાં છે.

# ગોંડલના બિલીયાળા ગામે દેશી દારૂ ભરેલી કાર સાથે બુટલેગરની ધરપકડ

## ગોંડલમાં ૧૧ ચોરાઉ મોબાઈલ સાથે જુનાગઢ પંથકનો તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**





ગોંડલ તાલુકાના બિલીયાળા ગામે દેશી દારૂ ભરેલી કાર સાથે બુટલેગર અને ગોંડલમાં ૧૧ ચોરાઉ મોબાઈલ સાથે જુનાગઢ પંથકના તસ્કરને રૂરલ એલસીબી ટીમે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રૂરલ એલસીબીના પીઆઈ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઈ એચ.સી.ગોહિલ, ડી.જી.બડવા સહિતનો સ્ટાફ ગોંડલ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે દેશી દારૂ ભરી ભુણાવાથી એક શખ્સ કાર લઈ નિકળવા હોવાની હકીક્તના આધારે બ્લિીયાળા ગામ પાસેથી કાર નંબર જીજે૩ સીએ ૭૪૭ સ્કોર્પિયો કારમાં ચોટીલા તાલુકાના ડાકવડલા ગામનો વિપુલ ધીરા ઉધરેજીયા નામનો શખ્સ નિકળતા પોલીસે દબોચી લઈ કાર સહિત રૂ.૨.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે ગોંડલ તાલુકા વિસ્તારમાં છરકપતથી કે ચોરી કરી ૧૧ મોબાઈલ વેંચવા નિકળેલો વિક્રમ ઉર્ફે ઈટલી મનુ મક્કા (રહે.મેસવાણ ગામ તાલુકો કેશોદ) નામના શખ્સને દબોચી લઈ રૂ.૬૪ હજારના કિંમતા ૧૧ મોબાઈલ કબજે ર્ક્યા હતા.

# ઉપલેટાના તણસવા ગામે દૂષિત પાણી પીવાથી ચાર બાળકોના મોતઃ અનેક લોકો ગંભીર

## ૪૦ લોકોને અસર થયા બાદ બેને કોલેરાઃ કલેક્ટર, જિલ્લા આરોગ્ય અધિકારી, પીડીયુ મેડિકલ કોલેજની ૬ ટીમના ધામા

**મુખ્ય સમાચાર, રાજકોટ**





ઉપલેટાના તણસલા ગામે દૂષિત પાણી પીવાને કારણે સાત દિવસની અંદર ચાર બાળકોના મોત થયા હોવાનું સામે આવતાં જિલ્લા કલેક્ટર, આરોગ્ય અધિકારી સહિતના દોડી ગયા હતા અને બેઠકોનો ધમધમાટ શરૂ કરાયો હતો.

આ અંગે ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી પપ્પુ સિંઘે 'વોઈસ ઓફ ડે' સાથેની વાતચીતમાં જણાવ્યું કે તણસલા ગામે દસેક જેટલા પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતા કારખાના આવેલા છે જ્યાં મોટી સંખ્યામાં પરપ્રાંતિયો મજૂરી કરીને ગુજરાન ચલાવી રહ્યા છે. જો કે અહીં પાણીના પૂરતા સ્ત્રોત ઉપલબ્ધ ન હોવાને કારણે લોકોએ કૂવા સહિતમાંથી પાણી પીવું પડી રહ્યું હોવાથી સાતથી દસ દિવસની અંદર ૪૦ લોકોને દૂષિત પાણીની અસર થવા પામી હતી. આ પૈકી બે લોકોને જામનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં તેમને કોલેરા હોવાનું નિદાન થયું છે અને હાલ તેમની સારવાર ચાલી રહી છે. આ ઉપરાંત ચારેક બાળકોના મૃત્યુ થયા હોવાનું હાલ ધ્યાન ઉપર આવી રહ્યું છે.

ઘટના બન્યા બાદ આરોગ્ય વિભાગની ટીમ દોડી ગઈ હતી ? અને કારખાનાના માલિકો સાથે બેઠક કરી હતી જેમાં નોકરી કરતા કર્મીઓને ચોખ્ખું પાણી આપવા માટે આદેશ આપવામાં આવ્યો હતો. બીજી બાજુ મૃતકનું મોત કેવી રીતે થયું તેનું સેમ્પલ લેવા સહિતની તજવીજ શરૂ કરાઈ છે. જો કે અહીં સમસ્યા એ થાય છે કે મૃતક બાળકોના પરિવારજનો હાજર ન હોવાથી સેમ્પલ લઈ શકાય તેમ નથી. જો કે કે યુદ્ધના ધોરણે પાણીના સેમ્પલ લેવાનું ? શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે ચારેય બાળકોના મૃત્યુ દૂષિત પાણી પીવાથી થયા છે. જો કે તેમને કોલેરા હતો કે નહીં તેનો ખ્યાલ હજુ સુધી આવ્યો નથી કેમ કે કોલેરા કાં તો દૂષિત પાણી પીવાથી અથવા તો દૂષિત ખાણીપીણીને કારણે થતો હોવાથી તાત્કાલિક જાહેરનામું પ્રસિદ્ધ કરીને ગણોદ-તણસવા રોડ આસપાસના દસેક કિલોમીટરના વિસ્તારમાં શેરડીનો રસ, દૂષિત પાણીથી બનતો બરફ, કુલ્ફી, લોકલ ઠંડા પીણા, છાશ સહિતના નમૂના લેવામાં આવી રહ્યા છે. દરમિયાન પીડિયુ મેડિકલ કોલેજમાંથી જમાંથી પણ આરોગ્યની ૬ ટીમ ઘટનાસ્થળે ? દોડી ગઈ છે.

# છોટુનગર મફતિયાપરામાં પ્રેમ પ્રકરણ બાબતે યુવાનના પરિવાર પર હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલ હનુમાનમઢી ચોક પાસે છોટુનગર મફતિયાપરામાં રહેતો પ્રદિપ પરશોતમભાઈ મોસપરાએ ગાંધીગ્રામ પોલીસમાં પાડોશમાં રહેતો મહાદેવ કુવરિયા, પ્રવિણ કુવરિયા લાલો સમૈયા સહિત ત્રણ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, અગાઉ પ્રદિપને મહાદેવ કુવરિયાની દિકરી હેતલ સાથે પ્રેમસંબંધ હોય જે બાબતનો ખાર રાખી હુમલો કરી ઝઘડામાં છોડાવા વચ્ચે પડતા તેના પિતા પરશોતમભાઈ, ભાઈ પ્રિતમ તથા, વિજયને મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ નોંધાઈ છે. બનાવના પગલે પીએસઆઈ એસ.બી.જાડેજાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# શેરબજારમાં રોકાણ કરાવી વધુ નફો આપવાની લાલચ આપી રૂા.૫૫.૯૧ લાખની ઠગાઈ કરનાર આરોપીના જામીન મંજુર

## સોશ્યલ મીડીયામાં વોટસએપ દ્વારા કોન્ટેક કરી, શેર બજારમાં રૂપિયાનું રોકાણ કરાવી વધુ નફો અપાવવાની લાલચ આપી, કટકે કટકે રૂા.૫૫,૯૧,૦૦૦ જેવી માતબર રકમ છેતરપીંડી કરી ઓળવી જવાના ગુનામાં પકડાયેલા આરોપીને જામીન ઉપર છોડતી સેશન્સ કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



આરોપીએ કાવતરૂ રચીને પોતે એન્જલ બ્રોકીંગમાં હોવાની ખોટી ઓળખ આપીને વધુ રૂપીયાના નફા સાથે પત અપાવવાની


રાજકોટ શહેરના માલવીયા નગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ રાજેશભાઈ જયંતીભાઈ વિડજાએ આરોપી સબ્યાસાચી ચીતરંજન ગીરી, રહે.મળ.પશ્ચિમ બંગાળ સામે આપેલી. આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના બહેન મોનાલી મિશ્રાનો સોશ્યલ મીડીયામાં વ્હોટસ એપ્સ ધ્વારા કોન્ટેક કરી શેર બજારમાં રૂપીયાનુ રોકાણ કરાવી વધુ નફો અપાવવાની લાલચ આપી, કટકે કટકે રૂા.૫૫,૯૧,૦૦૦/- બેંક ટ્રાન્જેકશન છ્ળત્રજ તથા ઈખડજ ધ્વારા રૂપીયા મેળવી તેમની પાસેથી લાલચ આપી, ઉપરોકત રકમ પોતાના અંગત ઉપયોગમાં લઈ રકમ પરત ન કરી છેતરપીંડી કરી ગુન્હો કર્યાની ફરીયાદ નોંધાવેલ જેની પોલીસ અધીકારી ધ્વારા તપાસ કરતા, જેમાં તપાસનીસ અધીકારીએ ઉપરોકત આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરેલા, જેલ હવાલે રહેલ આરોપીએ પોતાને જામીન ઉપર મુકત કરવા માટે જામીન અરજી ગુજારતા કેસની હકીકત, બચાવ પક્ષની રજુઆતો, ધ્યાને લઈ, નામદાર જો. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ જે. એન. ઠકકરે આરોપીને ગુજરાત રાજયના સ્થાનીક હોય તેવા રૂા.૫૦,૦૦૦/-ના શરતી જામીન ઉપર છોડવાનો હુકમ કરેલ છે.

આ કામમાં અરજદાર/આરોપીના બચાવ પક્ષે રાજકોટના યુવાન ધારાશાસ્ત્રી ચીમનભાઈ ડી.સાંકળીયા, અતુલભાઈ એમ.બોરીચા, પ્રકાશભાઈ એ.કેશુર,વિજયભાઈ એલ.સોંદરવા, શૈલેષભાઈ વકાતર, સોનલબેન સોંદરવા, મુકેશભાઈ જાની, રણજીતભાઈ તથા આસીસ્ટન્ટ તરીકે નિકુંજ સી.સાંકળીયા, ઉદયભાઈ ચાંઉ, લલીતભાઈ સી.બારોટ વગેરે રોકાયેલા હતા.

# રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં પકડાયેલા બે ફાયર અધિકારી બે દિવસના રિમાન્ડ મંજૂર

## પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠીયાના રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટમાં રજૂ કરાશેઃ ફેબ્રિકેશન સુપરવાઈઝરને જેલ હવાલે કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ક્રાઈમ બ્રાન્ચે ગેમઝોન-મનપાના અધિકારીઓ સહિત ૧૫ શખસોની ધરપકડ કરી છે.આ પ્રકરણમાં ક્રાઈમ બ્રાન્ચે મનપાના બે અધિકારીઓ અને ફેબ્રીકેશનનુ સુપરવાઈઝર તરીકે કામ કરનાર શખસ સહીત ત્રણની ધરપકડ કરીહતી.અને મનપાના બંને અધિકારીને તા.૨૫/૬ સુધી રીમાન્ડ પર લઈ વધુ તપાસ હાથ ધરવમાઆવી છે.જયારે વેલ્ડીંગ કામ કરનાર જેલ હવાલે કરી દેવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના નાનામવા રોડ વિસ્તારમાં આવેલા ટીઆરપી ગેમઝોનમાં ગતા.૨૫/૫ ના અગ્નિકાંડ સર્જાતા ૨૮ વ્યકિતઓના મૃત્યુ નિપજયા હતા.આ બનાવ અંગે તાલુકા પોલીસે ગેમઝોનના ભાગીદારો,અગ્નિકાંડમાં મૃત્યુ પામનાર પ્રકાશ હીરન, જમીન માલીકો સહીતના વિરુધ્ધ ગુનો નોંધી ધરપકડ કરી રીમાન્ડ પર લેવામા આવતા અનેક વિગતો મળી હતી.

દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે ગેમઝોન અગ્નિકાંડમાં ફાયર અધિકારી ભીખા જીવાભાઈ ઠેબા અને ઈલેશકુમાર વાલાભાઈ ખેર અને ફેબીકેશન સુપરવાઈઝર મહેશ અમૃતભાઈ રાઠોડની ધરપકડ કરી ત્રણેયને કોર્ટમાં રજુ કરતા ભીખા ઠેબા અને ઈલેશકુમાર ખેર દવારા રીમાન્ડ નામજુર કરવા માટેથી સ્ટેની માંગણી કરવામાં આવતા ફરીયાદપક્ષના વકીલ સુરેશભાઈ ફળદુ, તેમજ એસીપી બી.બી.બસીયા દ્વારા સોગદનામુ રજુ કરવામાં આવ્યુહતુ. અને કોર્ટે બનનેની અરજી રદ કરીહતી. અને બન્ને અધિકારીઓના તા.૨૫/૬ સુધીના રીમાન્ડ મજુર કરવામાં આવ્યા હતા.અને ફેબીકેશન સુપરવાઈઝર મહેશ અમૃતભાઈ રાઠોડને જેલહવાલે કરવા હુકમ કર્યો હતો.તેમજ પૂર્વ ટીપીઓ એમડી સાગઠિયાનું બોગસ મિનિટ્સ બુક બનાવવાના બીજા ગુનામાં આજે રીમાન્ડ પૂર્ણ થતાં કોર્ટમાં રજૂ કરાશે.

# શહેરના કોઠારિયા રોડ પર કુબેર ફલેટમાં રહેતા કારખાનેદારનો આર્થિક ભીંસથી કંટાળી આપઘાત

## લાભદીપ સોસાયટીમાં યુવાને અગમ્ય કારણોસર જીવન ટુંકાવી નાંખતા પરિવારમાં ઘેરો શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં યુવાને આર્થિક ભીંસથી કંટાળી ઝેરી દવા પી તેમજ બીજા યુવાને અગ્મય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારજનોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના રણુજામંદિર સામે કોઠારીયા રોડ પર આવેલા કુબેર ફ્લેટ નં-૩૦૧માં રહેતા હિતેશગીરી અયગીરી મેઘનાથી ઉ.વ.૩૦ નામનો યુવાન ગત રાત્રીના ખોખડદળ નદીના પુલ પાસે હતો ત્યારે કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા પ્રથમ સારવાર સિવિલ હોસ્પિટલમાં લઇ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.બાદ ફરી બે ભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પર રહેલા તબીબે તપાસી મૃત જાહેર કરતાં આજીડેમ પોલીસ મથકના જમાદાર જે.એમ.બોસીયા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો.પ્રાથમિક તપાસમાં યુવાનને બેન્કમાંથી લોન લીધેલ હોય તેમજ ધંધો ચાલતો ન હોવાથી ટેન્શનમાં પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.યુવાનના મોતથી પુત્રએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

તેમજ શહેરના રામાપીર ચોકડી પાસે આવેલી પરિશ્રમ સ્કૂલની બાજુમાં લાભદીપ સોસાયટીમાં રહેતારત્નેશ પલટુભાઈ કુમાર ઉ.વ ૨૬ નામના યુવાને ઘરે ગળાફાંસો ખાઈ લેતા તાત્કાલીક ૧૦૮ને જાણ કરતાં ઊખઝ વિજયભાઈ ગઢવી સહિતના સ્ટાફે દોડી જઈ તપાસી મૃત જાહેર કરતાં ગાંધીગ્રામ પોલીસ મથકના જમાદાર મયુરસિંહ જાડેજા સહિત સ્ટાફે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગર રોડ પર નાગેશ્વર સોસાયટીમાં દારૂની ૧૩૨ બોટલ સાથે બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના જામનગર રોડ ઉપર આવેલા નાગેશ્વર સોસાયટી નજીક દારુની કટીંગ થાય તે પહેલાં જ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડીને એક શખ્સને દબોચી લીધો હતો. તેમજ દારુની બોટલો તેમજ કાર સહિત રૂ.૨.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ એમ.આર.ગોંડલીયા સહિતની ટીમને મળેલી બાતમીના આધારે જામનગર રોડ પર નાગેશ્વર સોસાયટી નજીક આવેલી વાડીમાં દરોડો પાડતા ત્યાં ઊભેલી સ્વિફ્ટ કારમાંથી દારુની ૧૩૨ જેટલી બોટલો મળી આવી હતી.તેમજ આ દરોડામાં પોલીસે આ વાડીની દેખરેખ કરતા અક્ષય ઉર્ફે મુન્નો દિલીપભાઈ પંડ્યા (રહે. વર્ધમાન નગર ઓરમ કસ્તુરી બિલ્ડિંગ)ને દબોચી લઈ દારુની બોટલો, કાર તેમજ મોબાઇલ દારુની બોટલો,કાર સહિત રૂ.૨.૯૦ લાખનો મુદ્દામાલ ક્રાઇમ બ્રાન્ચે કર્યો કબજે સહિત રૂ.૨.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ત્યારે આ દારુ કોની પાસેથી લઈ આવ્યો તે અંગે પણ પોલીસે આરોપીની પુછપરછ હાથ ધરી છે.

# તસ્કરો હવે ભગવાનને પણ છોડતા નથીઃ બેડી ગામે મંદિરમાં ચોરી કરનાર શખ્સે ૧૭ મંદિરોમાં ચોરી કર્યાની કબુલાત આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



તસ્કરો હવે ભગવાનના મંદિરને પણ છોડતા નથી ત્યારે બેડી ગામમાં આવેલ મોમાઈ માતાજી અને મેલડી માતાજીના મંદિરમાં તસ્કરે ત્રાટકી ચાંદીના છતરની ચોરી કરનાર મયરુ શાંતિલાલ ગોંઢાને કુવાડવા પોલીસે પકડયો હતો. અને તેની પૂછતાછ કરતાં તે એક પછી એક ચોરીની કબૂલાત પોપટની જેમ આપવા લાગ્યો હતો. અને રાજકોટમાં કુલ ૧૭ મંદિરોમાંથી છતરની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. માહિતી મુજબ કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ વી.આર.રાઠોડની રાહબદારીમાં પીએસઆઈ એમ.જે.વરુ અને તેમની ટીમને મળેલી બાતમી આધારે બેડી ?

ગામે બે મંદિરોમાં ચોરી કરનાર ભગીરથ સોસાયટી -૪માં રહેતા મયરુ શાંતિલાલ ?

તેથી બેડી ગામના મંદિરો સાથે નવાગામ, આણંદપર, ઢાઢણી ગામ, માર્કેટિંગ યાર્ડ પાસેના, ત્રંબા ગામે, સરધાર ગામે, મોરબી રોડ પર, બેડી ગામે, ગોંડલ રોડ પર, હરિપર પાળ ગામે, પારડી ગામે, આજીડેમ અને સડક પીપળીયાના મંદિર મળી રાજકોટના કુલ ૧૭ મંદિરમાંથી છતરની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી.

બેડી ગામે ચોરી કરી ત્યારે મંદિરમાં સીસીટીવી લગાવેલા હોવાથી તસ્કર મયુર તેમા કેદ થયો હતો. અને જેમાં તેનું બાઇક જોવા મળતા તેના નંબર મેળવી કુવાડવા પોલીસ દ્વારા તેનું પગેરું મેળવવામાં આવ્યું હતું. અને તેના ઘરેથી જ પોલીસ તેની ધરપકડ કરી હતી.

# રાજકોટ મધ્યસ્થ જેલમાં દિવાલ કુદી કેદીનો ભાગવાનો પ્રયાસ

**મુખ્ય સમાચાર રાજકોટ**




રાજકોટ સેન્ટ્રલ જેલમાં એક કેદીએ દિવાલ કુદી ભાગવાનો પ્રયાસ કરતા જેલની સિક્યોરીટીમાં રહેલા છિંડા બહાર આવતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.પોલીસે ભાગવાનો કેદી સામે ગુનો નોંધ્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શહેરના પોપટપરા પાસે આવેલ રાજકોટ મધ્યસ્થજેલમાં ઈન્ચાર્જ જેલર અશોકસિંહ રાઠોડે પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, કોઠારિયા સોલવન્ટ ૨૫ વારિયામાં સામંત ભરવાડના મકાનમાં ભાડે રહેતો અને હાલ કાચાકામના કેદી તરીકે સેન્ટ્રલ જેલમાં રહેલો રાહુલ ચંદુ વાઘેલા નામનો કેદી ગઈકાલે બપોરના સમયે કેદી જેલ કસ્ટડીમાં હતો ત્યારે જેલની મુખ્ય દિવાલ કુદી ભાગી જવાની કોશિશ કરી ભાગવા જતા ઈજા થતા પકડાય ગયો હતો. બનાવ બાદ પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવતા એએસઆઈ ડી.વી.ખાંભલાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# રાજકોટની નર્સને અમદાવાદ લઈ જઈ વિધર્મી શખ્સે દુષ્કર્મ આચર્યું

## રૈયા રોડ વિસ્તારની યુવતીએ મોરબીના ખાનપર ગામના શખ્સ સાથે પ્રેમસંબંધ તોડી નાખતા પરિવારને હેરાન કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપી સાથે લઈ જવા મજબૂર કરી : ગાંધીગ્રામ-૨ (યુનિ) પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના રૈયા રોડ વિસ્તારમાં રહેતી અને ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી યુવતીને મોરબીના ખાનપર ગામનો વિધર્મી શખ્સ બળબજરીથી અમદાવાદ લઈ ગયા બાદ તેના પર દુષ્કર્મ આચરતા ગાંધીગ્રામ-૨ (યુનિ) પોલીસમાં ફરિયાદ નોંધાય છે. બનાવના પગલે પોલીસે શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજકોટના રૈયા રોડ વિસ્તારમાં રહેતી અને શહેરની એક ખાનગી હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફમાં નોકરી કરતી ૨૪ વર્ષિય યુવતીએ ગાંધીગ્રામ-૨ (યુનિ) પોલીસમાં મોરબી જિલ્લાના ખાનપર ગામે રહેતો અરશદ ઈલીયાઝ શેરસીયા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, અગાઉ આ વિધર્મી શખ્સ સાથે પ્રેમસંબંધ હોય અને બાદમાં આ સંબંધ તોડી નાખતા આ શખ્સે તેની સાથે સંબંધ રાખવા દબાણ કરી અવારનેઅવાર ફોન કરી ધમકી આપતો હતોકે તારા પરિવારને હેરાન કરી નાખી તેને જાનથી મારી નાખીશ તેમ ધમકી આપતા આ યુવતી તેની સાથે અમદાવાદ જવા મજબૂર બની હતી. આ વિધર્મી શખ્સ યુવતીને અમદાવાદ લઈ ગયા બાદ ત્યાં તેની મરજી વિરુધ્ધ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. યુવતીએ નોંધાવેલી ફરિયાદના આધારે પીએસઆઈ એમ્જે.મસાકપુત્રાએ પ્રાથમિક તપાસ હાથ ધરી મોરબીના ખાનપર ગામના વિધર્મી શખ્સની શોધખોળ શરૂ કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT